# અમદાવાદમાં હળપતિ

અહેવાલ લેખન
શ્રી ચંદ્રકાન્ત એસ. પટેલ

સંકલન
ડૉ. ઠા. ભા. નાયક

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦૦૧૪.

૧૯૮૯

270

દૂબળાઓ તળાવિયા કેમ કહેવાયા ? તેઓ તળાવિયા કહેવાયા એની એક દંતકથા છે. પરશુરામે જ્યારે પૃથ્વી નક્ષત્રિ કરવા માંડી ત્યારે તળાવકાંઠે આશરો લઈને બેઠેલા દુબળાઓએ પોતે તળાવિયા રાઠોડ છીએ એમ કહેલું. એ પરથી તેઓ રજપૂત લોહીના હશે એમ દર્શાવાય છે. બીજુ કેટલાક તળાવિયા/ દૂબળા પોતાનું નામ તલવાર ઉપરથી પડેલું માને છે. પરંતુ શાહુકારોએ, જમીનદારોએ તેમની જમીન પડાવી લીધી હોવાથી તેમની પડતી થઈ. તેઓ જમીનવિહોણા બની ખેતમજૂરી કરતા થઈ ગયા. આખરે તેમની કંગાલિયત અને દુર્બળતાએ તેમને દૂબળા બનાવી દીધા.

દૂબળાઓનું વતન :-

દૂબળા દરિયાઈ માર્ગે આવ્યા હોવા જોઈએ એવું અનુમાન એ ઉપરથી થાય કે તેઓના દિવાસાના તહેવારોના રીતરિવાજો અને માન્યતાઓ જ તેમને દરિયાપારના હશે એમ બતાવે છે. તેઓ ઢીંગલા ઢીંગલીને પરણાવી નદીમાં તણાતી મૂકી દરિયાપારના સાસરે વળાવે છે તે પરથી તેમને દરિયાપારના દેશ સાથે સંબંધ હશે એમ થાય છે.

તેમની રક્ત પરીક્ષા પરથી તેઓ નીગ્રોના લોહી સાથે સંબંધ ધરાવે છે તેથી તેઓ બીજા દેશના વતની હશે એમ પણ કેટલાક વિધ્વાનો માને છે.

દૂબળાઓની પેટાજાતિઓ :-

દૂબળાઓની અનેક પેટાજાતિઓ જોવા મળે છે. આ પેટા-જાતિઓમાં બાળા, વણઝારિયા, બારનિયા, ચોરિયા, દમણી, હારવિયા, ખાયચા, માંડવિયા, નાટકા, રાઠોડિયા, સાસવિયા, સિયટિયા, તળાવિયા, વસાવડા, વહોરિયા વગેરે છે. જો કે આ બધામાં તળાવિયા, વહોટિયા અને ખાયચા સૌથી મહત્વના ગણાય છે.

દુબળા જાતિની વસતિ નવસારી, બારડોલી અને ચોર્યાસી તાલુકાઓમાં સૌથી વધુ છે. ત્યારબાદ વલસાડ, ચીખલી, ગણદેવી, કામરેજ, ઓલપાડ, પલસાણા અને પાટડા તાલુકાઓમાં તેમની

મધ્યમસરની છે. બાકીના તાલુકાઓમાં તેમની વસતિ ઓછી જોવા મળે છે. તેમાં સોનગઢ, વ્યારા, ધરમપુર, વાંસદા જેવા પહાડી વિસ્તારોમાં તેમની વસતિ ઘણી ઓછી છે. સુરત જિલ્લાની કુલ આદિવાસી વસતિમાં દૂબળાની સંખ્યા ૨૧.૬૪ ટકા છે. ગુજરાતના ગ્રામ્ય-શહેર વિસ્તારોમાં વસતા દુબળા (હળપતિ)ઓની વસતિ નીચે મુજબ હતી.

દૂબળાઓની ગ્રામ્ય-શહેરી વસતિ (ટકાવારી)૧૯૭૧

| ક્રમ | જિલ્લો | ગ્રામ્ય | શહેરી | કુલ |
|---|---|---|---|---|
| ૧. | ડાંગ | ૧૦૦.૦૦ | - | ૦૦.૦૪ |
| ૨. | વલસાડ | ૮૫.૮૬ | ૧૪.૧૪ | ૩૯.૫૦ |
| ૩. | સુરત | ૮૬.૪૬ | ૧૩.૫૪ | ૪૬.૦૯ |
| ૪. | ભરુચ | ૯૪.૩૯ | ૫.૬૧ | ૧૦.૪૭ |
| ૫. | પંચમહાલ | ૯૯.૫૦ | ૦.૫૦ | ૦૦.૦૬ |
| ૬. | સાબરકાંઠા | ૮૯.૬૯ | ૧૦.૩૧ | ૦૦.૦૮ |
| ૭. | વડોદરા | ૯૩.૭૯ | ૬.૨૧ | ૦૩.૬૪ |
| ૮. | ખેડા | ૯૯.૭૪ | ૦.૨૬ | ૦૦.૦૭ |
| ૯. | ગાંધીનગર | - | ૧૦૦.૦૦ | ૦૦.૦૧ |
| ૧૦. | અમદાવાદ | ૫૭.૫૫ | ૪૨.૪૫ | ૦૦.૦૩ |
| ૧૧. | મહેસાણા | - | ૧૦૦.૦૦ | ૦૦.૦૧ |
| | કુલ | ૮૭.૦૩ | ૧૨.૦૭ | ૧૦૦.૦૦ |

## દૂબળા આદિવાસીઓની વસતિ- ૧૯૭૧

| ક્રમ | જિલ્લો | ક્રમ | તાલુકો | ગ્રામ્ય | શહેરી | કુલ |
|---|---|---|---|---|---|---|
| ૧ | વલસાડ | ૧ | વલસાડ | ૧૨૮૫૧ | ૫૯૯૩ | ૧૮૮૪૪ |
| | | ૨ | પારડી | ૧૫૮૩૪ | ૩૨૫૪ | ૧૯૦૮૮ |
| | | ૩ | ઉમરગામ | ૧૫૩૮૯ | ૧૩૧૯ | ૧૬૭૦૮ |
| | | ૪ | ગણદેવી | ૧૯૮૨૭ | ૪૨૫૯ | ૨૪૦૮૬ |
| | | ૫ | નવસારી | ૫૦૧૬૯ | ૫૮૯૬ | ૫૬૦૬૫ |
| | | ૬ | ચીખલી | ૧૬૦૭૯ | ૪૯૨ | ૧૬૫૭૧ |
| | | ૭ | વાંસદા | ૯૬૮ | ૬૮ | ૧૦૩૬ |
| | | ૮ | ધરમપુર | ૬૬૫ | ૪૧૭ | ૧૦૮૧ |
| | | | કુલ | ૧૩૧૭૮૨ | ૨૧૬૯૭ | ૧૫૩૪૭૯ |
| ૨ | સુરત | ૯ | ચોર્યાસી | ૨૮૨૬૧ | ૧૭૭૭૦ | ૪૬૦૩૧ |
| | | ૧૦ | ઓલપાડ | ૧૮૯૮૪ | ૭૨૩ | ૧૯૭૦૭ |
| | | ૧૧ | કામરેજ | ૨૨૬૨૬ | ૪૦૬ | ૨૩૦૩૨ |
| | | ૧૨ | માંગરોળ | ૩૬૫૭ | ૨૧૧ | ૩૮૬૮ |
| | | ૧૩ | માંડવી | ૬૬૫૦ | ૮૫૫ | ૭૫૦૫ |
| | | ૧૪ | સોનગઢ | ૧૦૧ | ૨૩૩ | ૩૩૪ |
| | | ૧૫ | ઉચ્છલ | ૧૧૩ | – | ૧૧૩ |
| | | ૧૬ | નિઝર | ૪ | – | ૪ |
| | | ૧૭ | વ્યારા | ૧૧૧૨ | ૬૮૭ | ૧૭૯૯ |
| | | ૧૮ | વાલોડ | ૮૫૧૬ | – | ૮૫૧૬ |
| | | ૧૯ | બારડોલી | ૩૬૦૬૦ | ૩૩૭૦ | ૩૯૪૩૦ |
| | | ૨૦ | મહુવા | ૭૭૮૯ | – | ૭૭૮૯ |
| | | ૨૧ | પલસાણા | ૨૦૯૮૪ | – | ૨૦૯૮૪ |
| ---- | | | કુલ | ૧૫૪૮૫૭ | ૨૪૨૫૫ | ૧૭૯૧૧૨ |

| ક્રમ | જિલ્લો | ક્રમ | તાલુકો | ગ્રામ્ય | શહેરી | કુલ |
|---|---|---|---|---|---|---|
| ૩ | પંચમહાલ | ૨૨ | ગોધરા | – | ૧ | ૧ |
| | | ૨૩ | હાલોલ | ૧૯૮ | – | ૧૯૮ |
| | | ૨૪ | દાહોદ | ૨ | – | ૨ |
| | | | કુલ | ૨૦૦ | ૧ | ૨૦૧ |
| ૪ | ભરુચ | ૨૫ | ભરુચ | ૪૧૮૩ | ૧૬૭ | ૪૩૫૦ |
| | | ૨૬ | અંકલેશ્વર | ૩૧૬૮ | ૫૨ | ૩૨૨૦ |
| | | ૨૭ | હાંસોટ | ૪૭૧૬ | ૭૩૯ | ૫૪૫૫ |
| | | ૨૮ | વાગરા | ૯૪૬૪ | – | ૯૪૬૪ |
| | | ૨૯ | જબુંસર | ૧૦૭૫૫ | ૩૧૭ | ૧૧૦૭૨ |
| | | ૩૦ | આમોદ | ૫૬૮૨ | ૯૬૯ | ૬૬૫૧ |
| | | ૩૧ | નાંદોદ-રાજપીપ | ૨ | ૩૭ | ૩૯ |
| | | ૩૨ | ડેડીયાપાડા | ૨૫ | – | ૨૫ |
| | | ૩૩ | સાગબારા | ૧૩ | – | ૧૩ |
| | | ૩૪ | વાલિયા | ૩૯૧ | – | ૩૯૧ |
| | | | કુલ | ૩૮૩૯૯ | ૨૨૮૧ | ૪૦૬૮૦ |
| ૫ | સાબરકાંઠા | ૩૫ | ખેડબ્રહ્મા | – | ૫ | ૫ |
| | | ૩૬ | મોડાસા | – | ૨૮ | ૨૮ |
| | | ૩૭ | બાયડ | ૧૮૧ | – | ૧૮૧ |
| | | ૩૮ | ઈડર | ૧૦૬ | – | ૧૦૬ |
| | | | કુલ | ૨૮૭ | ૩૩ | ૩૨૦ |

| ક્રમ | જિલ્લો | ક્રમ | તાલુકો | ગ્રામ્ય | શહેરી | કુલ |
|---|---|---|---|---|---|---|
| ૬ | ખેડા | ૩૯ | મહેમદાવાદ | ૪૮ | – | ૪૮ |
| | | ૪૦ | નડિયાદ | ૧૪ | ૧ | ૧૫ |
| | | ૪૧ | ખંભાત | ૩૦ | – | ૩૦ |
| | | ૪૨ | કપડવંજ | ૨૭ | – | ૨૭ |
| | | ૪૩ | બાલાશિનોર | ૮ | – | ૮ |
| | | ૪૪ | ઠાસરા | ૨૪૫ | – | ૨૪૫ |
| | | ૪૫ | માતર | ૧૦ | – | ૧૦ |
| | | – | કુલ | ૨૮૨ | ૧ | ૨૮૩ |
| ૭ | અમદાવાદ | ૪૬ | અમદાવાદસીટી | – | ૪૫ | ૪૫ |
| | | ૪૭ | દસક્રોઈ | ૫૫ | – | ૫૫ |
| | | ૪૮ | ધોળકા | ૬ | – | ૬ |
| | | – | કુલ | ૬૧ | ૪૫ | ૧૦૬ |
| ૮ | ગાંધીનગર | ૪૯ | ગાંધીનગર | – | ૧૩ | ૧૩ |
| ૯ | ડાંગ | ૫૦ | ડાંગ | ૧૫૩ | – | ૧૫૩ |
| ૧૦ | મહેસાણા | ૫૧ | મહેસાણા | – | ૧૦ | ૧૦ |
| ૧૧ | વડોદરા | ૫૨ | વડોદરા | ૨૬૪૭ | ૪૭ | ૨૬૯૪ |
| | | ૫૩ | કરજણ | ૨૩૬૮ | ૬૪૦ | ૩૦૦૮ |
| | | ૫૪ | પાદરા | ૭૨૮ | – | ૭૨૮ |
| | | ૫૫ | સાવલી | ૧૧૧૪ | – | ૧૧૧૪ |
| | | ૫૬ | વાઘોડિયા | ૨૯૮૭ | ૧૯ | ૩૦૦૬ |
| | | ૫૭ | ડભોઈ | ૩૩૬૩ | ૧૭૧ | ૩૫૩૪ |
| | | ૫૮ | સંખેડા | – | ૧ | ૧ |
| | | ૫૯ | શિનોર | ૪૭ | – | ૪૭ |
| કુલ | | | કુલ | ૧૩૨૫૪ | ૮૭૮ | ૧૪૧૩૨ |
| બધા જિલ્લાનું | | | કુલ | ૩૩૯૩૭૫ | ૪૯૨૧૪ | ૩૮૮૫૮૯ |

ગુજરાત રાજ્યમાં દુબળા (હળપતિ) આદિવાસીઓની વસતિ ૧૧ જિલ્લાઓમાં વસે છે. ગાંધીનગર અને મહેસાણા જિલ્લાઓમાંથી તેઓ માત્ર શહેરી વિસ્તારમાં વસે છે. જ્યારે વલસાડ, સુરત, સાબરકાંઠાના શહેરી વિસ્તારોમાં ૧૦ ટકાથી ઉપર તેમની વસતિ વસે છે. એકલા અમદાવાદ શહેરના વિસ્તારમાં તેઓની વસતિ ૪૨.૪૫ ટકા વસે છે. ગુજરાત રાજ્યના જુદા જુદા ૧૧ જિલ્લાઓના ૫૯ તાલુકાઓમાં તેમની વસતિ ઓછાવત્તા પ્રમાણમાં પથરાયેલી ૧૯૭૧ની વસતિ ગણતરી મુજબ જાણવા મળે છે. જેમાં આ દુબળા (હળપતિ)ઓની વસતિ ગ્રામ્ય વિસ્તારના ૫૨ તાલુકાઓમાં અને શહેરી વસતિ ૩૪ તાલુકાઓમાં વસેલી જોવા મળે છે.

ગુજરાત રાજ્યમાં શહેરી કરતાં ગ્રામ્ય વસતિનું પ્રમાણ તેની કુલ વસતિના પ્રમાણમાં વધારે છે. શહેરી વસતિનું પ્રમાણ કુલ વસતિમાં ૧૯૭૧-ની ગણતરી પ્રમાણે ૨૮.૦૮ ટકા હતું જે વધીને ૧૯૮૧ની ગણતરી પ્રમાણે ૩૧.૧૦ ટકા થયું હતું. બાકીની વસતિ ગ્રામ્ય વિસ્તારોમાં વસવાટ કરે છે. એજ રીતે ગુજરાત રાજ્યમાં આદિવાસીઓની વસતિ ગણતરી પ્રમાણે જોઈએ તો ૧૯૭૧ની વસતિ મુજબ ૯૩.૯૧ ટકા ગ્રામ્ય અને ૬.૦૯ ટકા શહેરી વસતિ હતી. જે ૧૯૮૧ની વસતિ મુજબ ૯૨.૦૮ ટકા ગ્રામ્ય અને ૭.૩૨ ટકા શહેરી વસતિ હતી. એ રીતે જોઈએ તો ગુજરાત રાજ્યમાં ૧૯૭૧ની ગણતરી મુજબ દુબળા (હળપતિ)ઓની ૧૦.૪૧ ટકાની વસતિમાંથી ૮૭.૯૩ ટકા ગ્રામ્ય અને ૧૨.૦૭ ટકા શહેરી વસતિ હતી. જે ૧૯૮૧ની ગણતરી મુજબ ગ્રામ્ય વિસ્તારમાં ૯૦.૦૨ ટકા અને શહેરી વિસ્તારમાં ૯.૮૯ ટકાની વસતિ અંદાજિત વસે છે. આમ એક રીતે જોઈએ તો કુલ આદિવાસીઓમાં દૂબળાઓની ટકાવારી ૧૯૮૧ની ગણતરી વખતે ઘટવા પામી હતી જ્યારે શહેરી વિસ્તારોમાં વસતા દૂબળા (હળપતિ)ઓની ટકાવારી સહેજ વધવા પામી હતી. એટલે શહેરોમાં તેમની વસતિ વધી હતી.

પરંતુ વૃધ્ધિદરની રીતે જોઈએ તો ૧૯૬૧-૭૧ અને ૧૯૭૧-૮૧ના દાયકાઓ દરમિયાન શહેરોમાં વસતા આદિવાસીઓનો વૃધ્ધિદર અનુક્રમે ૬૪.૭૫ ટકા અને ૫૭.૧૯ ટકાનો હતો. એટલે પાછળના

૧૯૭૧-૮૧ના દાયકાનો વૃધ્ધિદર ઘટયો હતો. એટલે શહેરોમાં આદિ. ઓની વસતિ ઓછી વધવા પામી હતી. એજ રીતે અમદાવાદ શહેરમાં આદિવાસીઓમાં પણ ૧૯૬૧-૭૧ અને ૧૯૭૧-૮૧નો વૃધ્ધિદર અનુક્રમે ૩૭.૪૨ ટકા અને ૩૪.૭૭ ટકાનો હતો. એટલે વૃધ્ધિદર ઘટયો હતો એટલે કે વસતિ ઓછી વધવા પામી હતી. તેમ છતાં બિન આદિવાસી જિલ્લા તરીકે અમદાવાદ શહેરમાં આદિવાસીઓની વસતિ સૌથી વધુ છે. ૧૯૭૧માં અમદાવાદ શહેરની આદિવાસી વસતિ ૭૯.૪૨ ટકા હતી જે ૧૯૮૧માં ઘટીને ૬૯.૧૫ ટકા થવા પામી હતી. આ ૧૦ ટકાનો ઘટાડો નોંધાયો હોવા છતાં અમદાવાદ શહેરમાં વસતા દૂબળા (હળપતિ)ઓની વસતિમાં સતત વધારો નોંધાયો છે જેમાં ૧૯૭૧માં તેમની વસતિ માત્ર ૪૫ ની હતી જે ૧૯૮૧માં લગભગ ૪૫૦થી ઉપરની અંદાજિત થાય. આમ અમદાવાદ શહેરના આદિવાસીઓમાં દુબળાઓની વસતિમાં સ્થળાંતરી કાયમી કે બિનકાયમી વસતિમાં સતત વધારો નોંધાયેલો જોવા મળે છે. આમ ગુજરાતના બીજા શહેરો કરતાં દૂબળા (હળપતિ)ઓનું દક્ષિણ ગુજરાતમાંથી અમદાવાદ શહેરમાં સ્થળાંતરી વસતિની રીતે સારા પ્રમાણમાં થતું જોવા મળ્યું હતું. આમ, એકબીજા કારણોસર રોજગારીની શોધમાં એકબીજા સાથે દૂબળા (હળપતિ)ઓ શહેરો તરફ સતત ગતિ કરે છે. તેમના આ સ્થળાંતર પાછળ અનેક કારણોમાંના અમદાવાદ શહેરોમાં સ્થળાંતર પામેલા દુબળાઓના સ્થળાંતર પાછળ અભ્યાસ દરમિયાન એક બે કારણો જાણવા મળ્યા હતા.

(૧) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત ગણાતી બક્ષી કમિશનની ૮૨ જાતિઓ પૈકીની ''આગ્રી'' જાતિ જેની વસતિ વલસાડ જિલ્લામાં વરસોથી દૂબળા (હળપતિ)ઓ સાથે વસે છે તેની સાથે વર્ષો પહેલાં ધંધાર્થે ફરતી આ જાતિ સાથે ૧૯૪૨ની આસપાસ (એક બે દુબળા કુટુંબો) અમદાવાદ આવ્યા અને કામ મળતાં રહી ગયા હોય તેવું જાણવા મળ્યું હતું.

(૨) આજથી ૩૦ વર્ષ પહેલાં જાણીતા કવિ ''સ્નેહરશ્મિ'' દક્ષિણ ગુજરાતમાં પોતાના વતન ચીખલી તરફ ગયા હશે ત્યારે સી.એન. વિદ્યાલયમાં ચાલતા રસોડામાં કામ કરનારની જરૂરિયાત હોવાથી વલસાડ તરફના છગનભાઈ ઉકાભાઈ હળપતિને તેઓ લઈ આવ્યા હતા.

છગનભાઈ તેમના પછી ઉકાભાઈ બાબુભાઈ હળપતિને લઈ આવ્યા. આમ એક પછી એક કુટુંબો સંપર્કને કારણે અમદાવાદમાં આવ્યા જે આજે ૧૫ થી ૨૦ જેટલા કુટુંબો આંબાવાડી વિસ્તારમાં વારાફરતી આવીને વસ્યા છે. એજ રીતે અમદાવાદના જુદા જુદા વિસ્તારોમાં આવી જ રીતે એકબીજાના સંપર્કને કારણે દૂબળા (હળપતિ)ઓના અનેક કુટુંબો આજે વસ્યા છે.

દક્ષિણ ગુજરાતમાં ખેતીપ્રધાન વસતિના ગુલામ તરીકે પેટ પૂરતું ખાવાનું મળે એ આશયે અને આશ્રયે તળાવ, સરોવર કિનારે પડાવ નાખીને રહેતા આ લોકો એજ ખેતીપ્રધાન વસતિના સહારે પણ એકબીજા કારણોસર શારીરિક અને આર્થિક રીતે બેહાલ એવા આ લોકો પોતાના પરાવલંબી પરિશ્રમ એજ જીવન લક્ષણ મુજબ સ્થળાંતર કરીને આટલે દૂર સુધી અમદાવાદમાં આવીને વસ્યા છે.

અમદાવાદ શહેરમાં વસતા દૂબળા (હળપતિ) કુટુંબોમાંથી ૫૦ જેટલા કુટુંબોની મુલાકાત લઈ તેમની માહિતી મેળવવામાં આવી હતી. જેમાં જુદા જુદા અમદાવાદ વિસ્તારના કુટુંબો અભ્યાસમાં આવરી લીધા હોવાથી ભિન્ન ભિન્ન પરિસ્થિતિ જોવા જાણવા મળી હતી. દૂબળા (હળપતિ)ઓના કુટુંબો જુદા જુદા વિસ્તારમાંથી છૂટાછવાયા વસવાટ કરતા જાણવા મળ્યા હતા. આ કુટુંબો શહેરના સારામાં સારા વિસ્તારમાં વસવાટ કરે છે, પરંતુ તેઓ જે તે વિસ્તારની ઝૂંપડપટ્ટીઓમાં જ મહદઅંશે વસવાટ કરતા માલૂમ પડયા હતા. ખૂબ જૂજ કુટુંબો જ બંગલાની અંદરના એક ખૂણે નાની રૂમમાં વસેલા જોવા મળેલા. આમ તો જો કે દૂબળા(હળપતિ)ઓ બંગલા-વાળાઓને ઘેર કામ કરી ત્યાં જ વસતા હશે એવી ધારણા હોય છે. પરંતુ તપાસ કરતાં જાણવા મળ્યું એ મુજબ તેઓના મોટાભાગના કુટુંબો સારા વિસ્તારની ઝૂંપડપટ્ટીઓમાં નિવાસ કરે છે. તેઓ અમદાવાદના નારણપુરા વિસ્તારમાં સરદાર પટેલ કોલોની પાસે આવેલી લખુડી તળાવડીની ઝૂંપડપટ્ટીમાં, મેમનગર ગામ પાસે તળાવ ઉપરની ઝૂંપડપટ્ટીમાં, સરખેજ રોડ ઉપર ભીખાજીના કુવા પાસેની ઝૂંપડપટ્ટીમાં, ફતેપુરમાં શ્રીકમલાલની ચાલમાં, નવરંગપુરામાં દાદા સાહેબના પગલા પાસે છાપરાઓમાં, લીબર્ટી હોટલ પાસે લીલા રબારીના છાપરાઓમાં, એલ.ડી. કોલેજ પાસેની પટાવાળાની ચાલમાં વસેલા જોવા મળે છે. તેમના થોડાક કુટુંબો નોકરીને કારણે સંસ્થાઓના મકાનોમાં (ગૂજરાત વિદ્યાપીઠમાં, સી.એન. વિદ્યાલયમાં)

વસેલા જોવા મળે છે. તેમના XXXXX ગણ્યા ગોઠયા કુટુંબો બંગલાઓમાં એક ખૂણે એક ઓરડીવાળા મકાનમાં વસે છે.

અમદાવાદ શહેરમાં વસતા દૂબળા(હળપતિ)ઓના આ બધા કુટુંબો દક્ષિણ ગુજરાતના સુરત-વલસાડ જિલ્લાના ગામડાઓમાંથી આવીને વસેલા જાણવા મળ્યા હતા. પરંતુ તે જુદા જુદા ગામોના એકબીજાના સગા-સંબંધીના ન્યાતે આવીને વસેલા છે. એકબીજાના સગાસંબંધી હોવાથી તેઓ અલગ અલગ ગામોના જાણવા મળે છે. તેઓનો શરૂનો વસવાટ અને વ્યવસાય મહદઅંશે બંગલાઓમાં જોવા જાણવા મળ્યો હતો. પરંતુ વખત જતાં તેઓમાંથી એકબીજા સાથે આવેલા એકબીજાની સાથે રહેતા હોય તેવા જુદા જુદા વ્યવસાયને કારણે અલગ રહેવા જતાં તેઓનો વ્યવસાય અને વસવાટ પણ બદલાયેલો જાણવા મળ્યો હતો. આમ વખત જતાં એકબીજા કુટુંબો સાથે બીજા કુટુંબો આવતા ગયા. તેઓનો વ્યવસાય અને વસવાટ બંગલાઓને બદલે બીજે ઠેકાણે મળતાં આજે ઝૂંપડપટ્ટી વિસ્તારમાં વધુને વધુ કુટુંબો વસતા જોવા મળે છે.

આ ગ્રામ્ય વિસ્તારમાં વસેલા દૂબળા (હળપતિ)ઓ કરતાં શહેરમાં આવીને વસેલા દૂબળા (હળપતિ)ઓની સમસ્યાઓ અનેક ગણી વધારે તેમજ મુશ્કેલ છે. તેઓ શહેરોમાં નાનાંનાનાં એક ખંડના ઘરો (ઝૂંપડાઓ)માં ગંદી વસાહતોમાં આવીને વસવાટ કરતા હોય છે જયાં પાણી, સંડાસ, પાણીના નિકાલની પૂરતી સગવડનો અભાવ, ન્હાવા ધોવાની અલાયદી સગવડ નહીં હોવાને કારણે ઊભી થતી મુશ્કેલીઓ, ઉપરાંત નાના(ઝૂંપડાઓમાં) એક કરતાં અનેક વ્યક્તિઓનો સમાવેશ, કામ ધંધાની શોધ અને તેમાંય અપૂરતું વેતન વગેરે અનેકવિધ સમસ્યાઓ વચ્ચે તેઓ પોતાનું જીવન ગોઠવવાની કોશીશ કરતા હોય છે.

અહીંયાં આ અભ્યાસ અમદાવાદ શહેરમાં વસતા દૂબળા(હળપતિ) કુટુંબોમાંથી ત્રણ વિસ્તારના (આંબાવાડી, નારણપુરા-મેમનગર, સરખેજ અને નવરંગપુરા)ના નમૂનાના લગભગ ૫૦ જેટલા કુટુંબોનો રૂબરૂ મુલાકાતને આધારે આપ્યો છે. આ અભ્યાસ ધ્વારા તેમની જે સમસ્યાઓ જાણવા મળી હતી તે આ પ્રમાણે હતી.

યથા સ્થિતિ અહેવાલ :-

દૂબળા (હળપતિ)ઓનો દક્ષિણ ગુજરાતમાં ફળદ્રુપ સપાટ વિસ્તારના સવર્ણો સાથેનો વસવાટ જોવા મળે છે. તેઓ બીજી પર્વતીય જંગલ વિસ્તારની જાતિઓ કરતાં એ રીતે જુદા પડે છે. આગળ જોયું તેમ દૂબળા (હળપતિ)-ઓનું શહેરો તરફ સતત પ્રયાણ છે. આદિવાસી જાતિઓને અનેક સમસ્યાઓ જોવા મળે છે, તેમ દૂબળા (હળપતિ)ઓને પણ અનેક સમસ્યાઓ જોવા મળે છે. બીજી આદિવાસી જાતિઓને જંગલ વિસ્તારની સમસ્યાઓ, ખેતી-મજૂરીની સમસ્યાઓ હોય છે, તેમ દૂબળા (હળપતિ)ઓને એ સિવાયની સમસ્યાઓ છે. જેમાં તેમનામાં પરંપરાગત રીતે ચાલી આવતી હાળીપ્રથા ખૂબ પ્રચલિત છે. આ દૂબળા (હળપતિ)ઓ શહેરોમાં રોજગારીની શોધમાં આવીને એક પછી એક વસ્યા છે. તેમની શહેરી સમસ્યાઓ પણ તેમની સાથે વીંટળાયેલી જોવા મળે છે. દક્ષિણ ગુજરાતના પોતાના વતનમાં હાળીપ્રથાનો ભોગ બનેલા દૂબળા (હળપતિ)ઓ ધણિમા પાસેથી મળેલી ગરીબીની સંસ્કૃતિ સાથે શહેરોની ગરીબીની સંસ્કૃતિ સાથે વસવાટ કરતા જોવા મળે છે. અહીંયાં માત્ર કામધંધાઓમાં ભિન્નતા જોવા મળે છે. શહેરોમાં કેટલાક જૂજ કુટુંબોની આર્થિક સ્થિતિ સુધરી હોય એમ લાગે છે. પરંતુ અહીંયાં તેઓને નવીન શહેરી સમાજની અનેક સમસ્યાઓ ઘેરી વળેલી જોવા જાણવા મળે છે. આ શહેરી સમાજોમાં ધીમે ધીમે આવી સમસ્યાઓ માટે એક નવું દર્શન હોય છે. આ રીતે જ જીવાય, આમની સ્થિતિ સારી ન હોઈ શકે તેમનો આવા જ ઘરો (ઝૂંપડા) હોય, તેઓ આળસુ છે. તેમને શિક્ષણની શી જરૂર છે. તેમની આ સમસ્યાઓ કોઠે પડતી જાય છે. અમદાવાદ શહેરના ૫૦ કુટુંબો-માંથી દૂબળા (હળપતિ)ઓની સમસ્યાઓ જણાઈ હતી જે નીચે મુજબ જાણવા જોવા મળી છે.

(૧) રહેઠાણ :-

ગ્રામ્ય વિસ્તારમાં વસતા દૂબળા (હળપતિ)ઓ કરતાં શહેરી વિસ્તારમાં વસતા દૂબળા (હળપતિ)ઓના કુટુંબોની રહેઠાણની સમસ્યાઓ ખૂબ જ વિકટ છે. તેઓ શહેરના ગંદા (ઝૂંપડપટ્ટીવાળા) વિસ્તારોમાં વસે છે. તેઓમાંના મોટાભાગના પોતાની માલિકીના ઘરો ધરાવતા નથી. તેઓ

શહેરમાં જ્યાં અને જેવું સસ્તા ભાડાનું અથવા ગમે ત્યાં ખુલ્લી જગ્યામાં કોઈપણ જાતની સગવડ વિનાનું ઘર (ઝૂંપડું) ભાડે રાખી કે બાંધી રહેતા જોવા મળ્યા હતા. તપાસના ૫૦ કુટુંબોમાંથી માત્ર ૧૦ (૨૦.૦૦ ટકા) કુટુંબો જ પોતાના મકાનમાં વસવાટ કરતા હતા. તે પણ મ્યુ.કોર્પોરેશન કે કોઈની ખાનગી માલિકીની જમીનમાં ઝૂંપડાં બનાવી વસતા જાણવા મળ્યા હતા. બાકીના ૪૦ (૮૦.૦૦ ટકા) કુટુંબો જેઓ અન્યના મકાનોમાં વસતા હતા. તેઓમાંના ૧૪ (૩૫.૦૦ ટકા) કુટુંબો અન્ય બીજાના બંગલા-ઓની આગળ પાછળના ભાગમાં એક ખંડની ઓરડીમાં વસતા જાણવા મળ્યા હતા. ૧૦ (૨૫.૦૦ ટકા) કુટુંબો નોકરીને કારણે સંસ્થાઓના મકાનોમાં વસેલા જાણવા મળ્યા હતા. બાકીના ૧૬ (૪૦.૦૦ ટકા) કુટુંબો ચાલી-ઓની ઝૂંપડપટ્ટીઓમાં નાની નાની ઓરડીઓમાં ભાડે રહેતા જાણવા મળ્યા હતા. આ બધા રહેઠાણોમાં માત્ર ૧૯ (૩૮.૦૦ ટકા) કુટુંબો પાકા મકાનોમાં અને ૩૧ (૬૨.૦૦ ટકા) કુટુંબો કાચા મકાનોમાં વસેલા જાણવા મળ્યા હતા. લગભગ બધા જ કુટુંબો માત્ર એકજ ખંડવાળા મકાનોમાં બધા કુટુંબી સભ્યો સાથે વસેલા જાણવા મળ્યા હતા. આમ આ બધાં વસવાટના કુટુંબોના મકાનો કાંતો પોતાના નહોતા અને હતા તો તે બીજા કોઈની જમીનમાં બનાવેલા હતા અને તે પણ માત્ર એક ખંડવાળા હતા એટલે વસવામાં ભારે મુશ્કેલીવાળા વસવાટો હતા.

આ બધા વસવાટના ઝૂંપડાઓમાં ઘરોની દિવાલો માટીની, તેના ઉપરનું છાજ પતરા કે કંતાણનું કે સીમેન્ટના પતરાનું જાણવા મળ્યું હતું. આ બધા જ વસવાટના તેમના ઘરો બિસ્માર હાલતવાળા ખૂબ જ સંકડાશવાળા જોવા જાણવા મળ્યા હતા. તેની મરામત ભાગ્યે જ થતી હોય, ચોમાસા, શિયાળે, વરસાદ કે ઠંડીમાં ખૂબ જ મુશ્કેલીઓ તેમને વેઠવી પડતી જાણવા મળી હતી. તેમના આવાં નાના ઘરોના વસવાટમાં કુટુંબના સભ્યો ઘરની બહાર કે ગમે તે ખુલ્લી જગ્યાએ આશરો શોધી સુવે છે. આમ ઘરમાં અને ઘર બહાર સંકડાશ હોવાને કારણે ગંદકી પણ વિશેષ થાય છે. જેને કારણે મચ્છરોનો ત્રાસ અને દુર્ગંધ ખૂબ સખત હોવાથી વારંવાર તેમનું આરોગ્ય કથળતું હોય છે.

આ દૂબળા (હળપતિ)ઓનો વસવાટ શહેરમાં જુદા જુદા વિસ્તારોમાં જુદી જુદી જ્ઞાતિઓ સાથેનો છે. તેઓ દેસાઈ(રબારી), મુસલમાન, મારવાડી, મોચી, વાઘરી વગેરે સાથે વસે છે. તેઓ શહેરમાં વસતા આવા ગરીબ સંસ્કૃતિવાળા સમાજો સાથે તળાવ કે ખાડા ટેકરાવાળી- ગંદકીથી ભરપુર જગ્યાઓએ વસે છે. ઉપરાંત તેઓ સાંકળા એક ખંડવાળા ઘરોમાં, સાંકળી ગલીઓમાં ગમે ત્યાં પાણી વહેતું હોય, પ્રકાશ પણ પૂરતા પ્રમાણમાં ન મળી રહેતો હોય, કચરાના ઢગલાઓ ખડકાયા હોય તેવી જગ્યાઓએ વસતા જોવા મળે છે.

અમદાવાદ શહેરમાં જે દૂબળા (હળપતિ) કુટુંબો ઝૂંપડપટ્ટી કે ચાલીની નાની ઓરડીઓમાં ખૂબ જ સંકડાશવાળી, હવા ઉજાસ વગરની, ગંદકીથી ગંધાતી જગ્યાઓએ ખૂબ જ ઓછી સગવડોમાં વસવાટ કરે છે. તેમને આગળ જોયું તેમ પાણી, જાજરુ, બાથરુમ, વિજળી જેવી પ્રાથમિક જરૂરિયાતોનો અભાવ સતત સાલતો જોવા જાણવા મળ્યો હતો. એ સિવાય જેના મકાનમાં કે જગ્યામાં તેઓ વર્ષોથી વસવાટ કરે છે. તેઓને પણ હંમેશાં કોઈને કોઈ સમસ્યાઓથી (ભાડાની, ખાલી કરવાની, અન્ય પ્રાથમિક સુવિધાઓ અંગેની) મકાન માલિક કે જમીન માલિક પીડતા હોય છે. તેથી તેઓ હંમેશાં મકાન માલિક અને મ્યુ. કોર્પોરેશન જેની જમીન છે તેનાથી હંમેશાં ભય સાથે વસવાટ કરતા જાણવા મળ્યા હતા. તેમને વસવાટ અંગેના તેમના પ્રશ્નો કહેવાની પણ જમીન માલિક કે ઘર માલિક તરફથી મના હોય છે. તેમના આ વસવાટની જમીન ખાલી કરવા કેસ પણ થયેલા જાણવા મળ્યા હતા. જે દૂબળા (હળપતિ)ઓના કુટુંબો મ્યુ. કોર્પોરેશનની જમીનમાં ગેર-કાયદેસર વસવાટ કરે છે. તેઓને સતત એવો ભય વ્યક્ત કરેલો કે જ્યારે કોઈ જગ્યાએ આવા ગેરકાયદેસર દબાણો દૂર કરે છે ત્યારે અમને પણ થાય છે કે જો અમારા વસવાટ આમ દૂર કરે તો ક્યાં જઈને કેવી રીતે વસવાટ કરીશું.

(૨) <u>ઘરોમાં સગવડો</u> :-

તપાસના દૂબળા (હળપતિ) કુટુંબો ભાડાના મકાનમાં અને નાના એક ખંડવાળા ઘરો (ઝૂંપડા)માં વસતા હોવાથી, તેમજ ગરીબીમાં જીવન

વ્યતીત કરતા હોવાથી ઘરોને મરામત કરાવી શકતા ન હોવાથી તેમના ઘરો બિસ્માર હાલતમાં જોવા મળે છે. આ ઉપરાંત તેમના ઘરોમાં પ્રાથમિક સુવિધાઓનો પણ અભાવ જોવા મળે છે. પાણી, જાજરૂ, બાથરૂમ, વિજળી ઉપલબ્ધ તેમને નથી. હા જે કુટુંબો ખાનગી માલિકીના બંગલાઓમાં કે સંસ્થાઓના મકાનોમાં વસે છે ત્યાં આ પ્રાથમિક સુવિધાઓ સહજ રીતે તેઓને પ્રાપ્ત થયેલી જોવા મળે છે. આવી પ્રાથમિક સુવિધાઓમાં જોઈએ તો ૨૪ કુટુંબોને પાણી, ૨૨ કુટુંબોને જાજરુ, ૨૩ કુટુંબોને બાથરૂમ અને ૨૨ કુટુંબોને વિજળીની સુવિધાઓ કોમન રીતે વાપરવા મળી રહેતી હતી. બાકીના તપાસના કુટુંબોને જાહેર નળેથી પાણી ભરવું, જાહેર જગ્યાઓએ જાજરુ જવું, ઘાસલેટના દીવાબત્તીથી ચલાવવું અને ઘરના એક ખૂણે ખાટલો આડો કરી સ્નાનક્રિયા પતાવવી પડતી હતી. જ્યાં જે કુટુંબોને આવા ખુલ્લા જાહેર નળ પરથી પાણી લેવાનું હોય છે તેમને પાણી લેવાની અનેક જાતની મુશ્કેલીઓ નડે છે. તેમાંય પાણીના સ્ટેન્ડોની આસપાસ અસહ્ય ગંદકી હોય છે. ત્યાંનું પાણી તેમને વાપરવું પડે છે. જાહેર જગ્યાઓએ તેઓ પેશાબ કે જાજરુ જતા હોવાથી વસવાટની આસપાસનું વાતાવરણ પણ દુર્ગંધ મારતું હોય છે.

તેઓના નાના ઘરો (ઝૂંપડા)ઓને કારણે સુવાવડ જેવા પ્રસંગોએ અનેક પ્રકારની મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હોય છે. તેમાં અલગ વ્યવસ્થા થઈ શકતી ન હોવાથી તેજ ઓરડામાં કંતાન બાંધીને અલગ ભાગ ઉભો કરીને પ્રસંગ પતાવવો પડે છે. આ એક ખંડના ઘર (ઝૂંપડા)માં એક ખૂણે ચુલો અને તેની આસપાસ ખાવા બનાવવાના સાધનો (કલાડુ, ચીપીયો, સાણસી, તવેતો, હાંલ્લી, તપેલી, વાટકા, થાળી વગેરે) ધાતુના કે સ્ટીલના વાસણો રાખે છે. બાકી સુવાના બે ચાર ગોદડા, ઘંટી, કપડાંની પેટી, એકાદ બે ખાટલા અને કપડાં ભરાવવાની દોરી કે લાકડાની વળગણી જોવા મળે છે. કોઈ કોઈ ઘરોમાં સ્ટીલ, પિત્તળ, ધાતુના થોડા વાસણો પાટીયા ઉપર ગોઠવેલા જોવા મળે. આવી તેમના ઘરોમાં ઘણા બધા જરૂરિયાતના સાધનોનો પણ અભાવ જોવા મળ્યો હતો. એ અભાવ સાથે તેઓ પોતાનો જીવનનિર્વાહ ગોઠવીને શહેરમાં વસતા જોવા મળે છે.

(૩) વ્યવસાય-મજૂરી અને આવક :-

દૂબળા (હળપતિ)ઓ શિક્ષણના અભાવને કારણે નોકરીઓ મેળવી શકતા નથી. નોકરી કરે છે તે પટ્ટાવાળાની હોય છે. તપાસ દરમિયાન ૧૩ (૨૬.૦૦ ટકા) કુટુંબની વ્યક્તિઓ સંસ્થાઓમાં પટ્ટાવાળાની નોકરી કરતી જાણવા મળી હતી. જેઓ સ્થિર આવક પ્રાપ્તિ કરતા હતા. બાકીના ૩૭ (૭૪.૦૦ ટકા) કુટુંબોના વ્યક્તિઓ ખાનગી નોકરી (રામા તરીકે, કારખાનામાં છૂટક કામે, છૂટક મજૂરી (કડિયાકામ, રંગકામ, સાયકલ રીપેરીંગ, મિલમાં, મ્યુ. કોર્પોરેશનમાં, રોડકામમાં, ગેરેજમાં) જેવા કામો કરીને આજીવિકા મેળવતા હતા. તપાસના કુટુંબોમાંથી અનેકવિધ જુદા જુદા નાના નાના છૂટક કામો કરીને આજીવિકા મેળવતા હતા. તેની વિગતો મળી હતી જે નીચે મુજબ હતી. તપાસના ૫૦ કુટુંબોમાંથી કુલ ૨૩૯ની સભ્ય સંખ્યામાં ૧૩૨ પુરુષો અને ૧૦૭ સ્ત્રીઓની સંખ્યા હતી. જે કુટુંબદીઠ સરેરાશ ૪.૭૭ની લગભગ સભ્ય સંખ્યા થતી હતી.

| ક્રમ | વ્યવસાય | કુટુંબ | ટકા |
|---|---|---|---|
| ૧. | પટાવાળા | ૧૩ | ૨૬.૦૦ |
| ૨. | છૂટક મજૂરી (મ્યુ.કોર્પોરેશનમાં, ગેરેજમાં, કડીયાકામ, રંગકામ, સાયકલ રીપેરીંગ, પેસ્ટ કંટ્રોલ, મરફી રેડિયો. | ૧૮ | ૩૬.૦૦ |
| ૩. | કારખાનામાં (એલ્યુમિનિયમના, મોટર પંપના, અન્ય બીજા) | ૭ | ૧૪.૦૦ |
| ૪. | રસોયા તરીકે ઉચ્ચક | ૩ | ૬.૦૦ |
| ૫. | ઘરકામ (રામા તરીકે) | ૭ | ૧૪.૦૦ |
| ૬. | ડ્રાઈવર-રીક્ષા ચાલક | ૨ | ૪.૦૦ |
| | કુલ | ૫૦ | ૧૦૦.૦૦ |

આમ અભ્યાસના ૫૦ કુટુંબોમાંથી જુદા જુદા અનેકવિધ વ્યવસાયો કરીને દૂબળા (હળપતિ) કુટુંબો જીવન નિર્વાહ કરતા જાણવા મળ્યા હતા. પરંતુ જે કુટુંબોને છૂટક મજૂરી, કારખાનામાંથી આવક પ્રાપ્તિ કરીને જીવન નિર્વાહ ગોઠવવાનો હોય છે, તેમને પૂરતી રોજીના અભાવે સ્ત્રીઓને (છોકરીઓ)ને કપડાં, વાસણ કે કચરા પોતા કરીને આર્થિક ઉપાર્જનની પ્રવૃત્તિમાં રોકાવું પડે છે. જેમાં તેમને ઘણું ઓછું મહેતાણું મળે છે. તેમને એક કામના બદલામાં ૩૦ રૂા. લેખે બે ત્રણ કામો કરે ત્યારે ૧૦૦ રૂા. અને બીજા એકાદ બે વધુ કામો કરે ત્યારે ૧૫૦ થી ૨૦૦ રૂપિયા મળે છે. ઉપરાંત વધ્યું ઘટયું ખાવાપીવાનું અને દિવાળી ઉપર એકાદ સાડી મળે છે. તપાસના ૫૦ કુટુંબોમાંથી ૪૦ (૮૦.૦૦ ટકા) કુટુંબોની સ્ત્રીઓ-છોકરીઓ (પટેલ, શાહ, દેસાઈ-નાયક અને બીજે મળે ત્યાં) આવી રીતે ઘરકામ કરી કંઈક મેળવતી જાણવા મળી હતી. ૯ (૧૮.૦૦ ટકા) કુટુંબોની સ્ત્રીઓ-છોકરીઓ આવાં ઘરકામના કામો કરતી નહોતી. એક કુટુંબમાંથી એક બહેન શિક્ષણ પામેલ હોવાથી શિક્ષિકાની નોકરી કરતા હતા. ૧૭ કુટુંબોમાંથી જયાં વસે છે ત્યાં કોઈને કોઈ સભ્ય કામ કરતા હતા. જેઓ વધારાના સમયમાં બીજે મજૂરી કામ પણ કરતા જાણવા મળ્યા હતા. તેમના છોકરાઓ પણ ઘણા નિશાળેથી વહેલા ઉઠી જઈને ઘરકામ બંગલે (રામા તરીકે- કપડાં વાસણ) કરતા જાણવા મળ્યા હતા. કેટલાક બંગલાવાળાના નાના છોકરાઓને સ્કૂલે મૂકી આવવાનું કામ કરતા જાણવા મળ્યા હતા.

આમ તપાસના કુટુંબના પુરુષ-સ્ત્રી સભ્યો નાનેથી મોટા સુધીના કોઈને કોઈ કામો કરીને આવક પ્રાપ્તિ કરતા જાણવા મળ્યા હતા. તપાસના કુટુંબોમાંથી પુરુષ-સ્ત્રી પ્રમાણે જે માસિક આવક પ્રાપ્તિ થતી જાણવા મળી હતી જે નીચે મુજબ હતી.

: પુરુષ - સ્ત્રી પ્રમાણે માસિક આવક પ્રાપ્તિ :

| ક્રમ | વિગત રૂપિયામાં | પુરુષ | વિગત રૂપિયામાં | સ્ત્રી |
|---|---|---|---|---|
| ૧ | ૧૦૦ થી ૩૦૦ | ૧૨ | ૫૦ થી ૧૦૦ | ૨૯ |
| ૨ | ૪૦૦ થી ૬૦૦ | ૨૨ | ૧૫૦ થી ૨૦૦ | ૧૧ |
| ૩ | ૭૦૦ થી ૧૦૦૦ | ૧૬ | ૨૫૦ થી ઉપર | ૧ |
| | | | ઘરે જ | ૯ |
| | કુલ | ૫૦ | કુલ | ૫૦ |

સામ તપાસના કુટુંબોમાંથી પુરુષ-સ્ત્રી માસિક જે આવક મેળવતા જાણવા મળ્યા હતા. જેના આંકડા જોતાં ખ્યાલ આવે છે કે મોટાભાગના પુરુષ-સ્ત્રી સભ્યો ખૂબ ઓછી આવક પ્રાપ્તિ કરી શકતા જણાયા હતા. જેમાંથી તેમના કુટુંબના સભ્યોનું ભરણપોષણ કરવાનું અને બીજા ખર્ચાઓને પહોંચી વળવાનું ખૂબ જ કઠીન થઈ પડે છે. તેમના ઉપર શહેરીકરણની ભારે અસર અને અસહ્ય મોંઘવારી તેમની આ ઓછી આવકમાં દેવું કરવાની ફરજ પાડે છે.

આ દૂબળા (હળપતિ) કુટુંબો આગળ જોયું તેમ અનેકવિધ વ્યવસાયો કરતા હોવા છતાં ઓછી આવક પ્રાપ્તિને કારણે અને બીડી, તમાકુ, દારુનું વ્યસન હોવાને કારણે (બીડીનું વ્યસન ૪૯ કુટુંબોમાં), (દારુનું વ્યસન ૩૦ કુટુંબોમાં) ઉપરાંત તેમના વિકાસની કોઈ જાતની મંડળી કે બીજા સરકારી લાભો આજ સુધી મળ્યા ન હોવાને કારણે ૧૭(૩૪.૦૦ ટકા) કુટુંબોને દેવું કરવાની ફરજ પડેલી જાણવા મળી હતી. બાકીના ૩૩ (૬૬.૦૦ ટકા) જેટલા કુટુંબોએ પોતાને દેવું નથી એમ જણાવ્યું હતું. જો કે તેમાંના કેટલાકે દેવું હોવા છતાં દેવું નથી એમ છુપાવ્યું હતું. કેટલાકે પોતાને કોઈ ઓળખાણ ન હોવાથી કોઈ દેવું આપે તેમ નહોતું. આમાં ૫ જેટલા કુટુંબોમાંથી નોકરીના સ્થળેથી લોન લઈને દેવું કરેલું જણાવ્યું હતું. બાકીના કુટુંબોએ સહકારી મંડળી, ઓફિસની લોન અને પોતે જેને ત્યાં બંગલે રહે છે તેની પાસેથી કામ પેટે ઉછીના લઈ દેવું કરેલું જણાવ્યું હતું. આ દેવું કરવા પાછળ તેમના પોતાના વ્યસનો, વતનમાં જળવાઈ રહેલો (સામાજિક-આર્થિક સંબંધ) જવાનો ખર્ચ, સામાજિક રીતરિવાજો (લગ્ન-જન્મ, મૃત્યું, ઉત્સવો) અને શહેરીકરણની અસરો, મોંઘવારીને તેઓ ગણાવતા હતા. કેટલાકે બાળકોને ભણાવવા અને ઘર ખર્ચને પહોંચી વળવા પોતે દેવું કરેલું છે એમ જણાવ્યું હતું.

<u>શિક્ષણ</u> :-

આગળ જોયું તેમ દૂબળા (હળપતિ)ઓમાં શિક્ષણનું પ્રમાણ ખૂબ ઓછું છે. જેને કારણે નોકરીમાં તેઓ ખૂબ ઓછા જોવા જાણવા મળે છે. તેવી જ રીતે તેમનામાં નાનેથી મોટાઓ સુધીમાં શિક્ષણ જવલ્લે જ જોવા મળે છે. તેઓ બાળકોને શિક્ષણ આપી શકતા નથી. તેઓ તેમના

બાળકોને શિક્ષણ કેવી રીતે આપી શકે કેમ કે તે પોતે જ શિક્ષણ વિશે એટલો સભાન ન હોય. અભ્યાસમાં લીધેલા ૫૦ કુટુંબોમાંથી ૨૯ (૫૮.૦૦ ટકા) કુટુંબોના વડાઓ અભણ જાણવા મળ્યા હતા. બાકીના કુટુંબોના વડાઓ પણ માંડ ધો. ૨, ૩ કે ૪ સુધી જ ભણી શકેલા જાણવા મળ્યા હતા. જે નીચે દર્શાવેલા કોઠા ઉપરથી ખ્યાલ આવશે કે તપાસના કુટુંબના વડાઓનું શિક્ષણ કેટલું હતું.

તપાસમાં આવરેલા કુટુંબના વડાનું શિક્ષણ

| ક્રમ | વિગત | અભણ | ધોરણ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | શિક્ષણ ધોરણ | – | ૧ | ૨ | ૩ | ૪ | ૭ | ૧૨ | ગ્રેજ્યુએટ | કુલ |
| ૨. | કુટુંબના વડાની સંખ્યા | ૨૯ | ૧ | ૮ | ૫ | ૩ | ૨ | ૧ | ૧ | ૫૦ |

આમ કુટુંબના વાલીઓમાં શિક્ષણનું પ્રમાણ નહીંવત જોવા મળે છે. સાથે સાથે તેમની આર્થિક સ્થિતિ પણ સારી ન હોય બાળકોના શિક્ષણ પાછળ પૂરતું ધ્યાન આપી શકતા નથી. તેમને સમય પણ તેમની પરિસ્થિતિને કારણે મળતો હોતો નથી. તપાસ કુટુંબોમાંથી જાણવા મળ્યા મુજબ તેમના બાળકો બાલમંદિરે જતા નથી (કેટલાક મોકલતા પણ નથી.) તેમના કુટુંબમાંથી બાળકો ભણવા જાય છે એવા પ્રશ્નના જવાબમાં પણ ૫૦ કુટુંબોમાંથી ૩૫ કુટુંબો બાળકોને નિશાળે મોકલતા હતા. જ્યારે ૧૫ કુટુંબના બાળકો નાના હોવાને કારણે અને અધવચ્ચેથી શાળા છોડી દઈને કામે જતા હોવાથી નિશાળે જતા નહોતા. નિશાળે જતા બાળકોમાંથી ૨૨ કુટુંબોના બાળકોને શિષ્યવૃત્તિ મળી હતી. બાકીના કુટુંબના બાળકોને ઉપર જણાવ્યું તેમ નાના હોવાથી કે નિશાળ છોડી જવાથી શિષ્યવૃત્તિથી વંચિત રહેવું પડેલું જાણવા મળ્યું હતું. જો કે તપાસ કરતાં માલૂમ પડયું હતું કે માબાપની નિષ્કાળજીને કારણે બાળકો શિક્ષણ તરફ દુર્લક્ષ સેવતા હતા અને ઉઠી જતા માલૂમ પડયા હતા. આ બાળકો ઉઠી ગયા પછી કોઈને કોઈ કામે જાય છે અથવા ઘરે રહીને ફર્યા કરે છે. કામમાં તેઓ રામા તરીકે (કપડાં, વાસણોનું)કામ અને નાના બાળકોને નિશાળે મૂકી આવવાનું કામ કરતા જાણવા મળ્યા હતા.

તેમ છતાં આ દૂબળા (હળપતિ)ઓની જૂની પેઢી કરતાં અને ગ્રામ્ય વિસ્તાર કરતાં આ શહેરી અસરને કારણે ઘણા બધા બાળકો શિક્ષણ મેળવી રહયા છે જે અભ્યાસના તારણ પરથી ખ્યાલ આવશે. અભ્યાસમાં અભણ, શિક્ષણ મેળવતા અને મેળવીને ઉઠી ગયેલા જાણવા મળ્યા હતા. જેની વિગતો કોઠામાં દર્શાવ્યા પ્રમાણે જાણવા મળી હતી. જેની ઉપરથી ખ્યાલ આવશે કે તેમનામાં શિક્ષણનું પ્રમાણ કેવું છે ?

| ક્રમ | ધોરણ | પુરુષો | સ્ત્રી |
|---|---|---|---|
| ૧ | ૧ | ૫.૦૮ | ૧૬૦૯ |
| ૨. | ૨ | ૯.૩૨ | ૭.૬૧ |
| ૩. | ૩ | ૯.૩૨ | ૨.૧૭ |
| ૪. | ૪ | ૧૧.૦૨ | ૧.૦૯ |
| ૫. | ૫ | ૧૧.૦૨ | ૫.૪૩ |
| ૬. | ૬ | ૫.૦૮ | ૫.૪૩ |
| ૭. | ૭ | ૮.૪૭ | ૩.૨૬ |
| ૮. | ૮ | ૧.૬૯ | ૨.૧૭ |
| ૯. | ૯ | ૦.૮૫ | ૨.૧૭ |
| ૧૦. | ૧૦ | ૭.૬૪ | ૮.૭૧ |
| ૧૧. | ૧૨ | ૧.૬૯ | ૧.૦૯ |
| ૧૨. | ગ્રેજ્યુએટ | ૦.૮૫ | - |
| ૧૩. | અભણ | ૨૭.૯૭ | ૫૯.૭૮ |
| ૧૪. | કુલ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |

અભ્યાસમાં આવરી લીધેલા કુટુંબોમાંથી પુરુષો કરતાં સ્ત્રી-ઓમાં શિક્ષણનું પ્રમાણ ખૂબ ઓછું જાણવા મળ્યું હતું. એ કોઠો જોતાં ધોરણ પ્રમાણે પુરુષો-સ્ત્રીની શિક્ષણની ટકાવારી જોતાં સ્પષ્ટ ખ્યાલ આવે છે. એજ રીતે તેમનામાં અભણ પુરુષોની સંખ્યા કરતાં સ્ત્રીઓની સંખ્યા પણ બેવડી જાણવા મળી હતી. જેમાં ૨૭.૯૭ ટકા અશિક્ષિત પુરુષોની સામે ૫૯.૭૮ ટકા સ્ત્રી અશિક્ષિતોની સંખ્યા જાણવા મળી

હતી. આ તપાસના દૂબળા (હળપતિ)ઓના બાળકો શિક્ષણ પામેલા છે અને લઈ રહેલા છે. જેમાં નાના બાળકો અને યુવાનો છે. જે હાલમાં શિક્ષણ લઈ રહેલા છે તે બાળકો પણ નિયમિત શાળાએ જતા નથી જેને પરિણામે તેમનામાં સ્થગિતતા અને અપવ્યય પણ મોટા પ્રમાણમાં જોવા મળે છે. તેમનામાં ઘણા પુખ્તવયના બાળકો ઉઠી ગયેલા જાણવા મળ્યા હતા. જેઓ જીવનનિર્વાહની માટે કંઈને કંઈ કામ કરીને કુટુંબને મદદ કરતા જાણવા મળ્યા હતા. તેમનામાં યુવાન છોકરીઓ સ્ત્રીઓ લગ્ન પહેલાં અને પછી શિક્ષણ પડતું મૂકીને ઘરકામ માટે એકબીજી જગ્યાએ જોડાઈ જાય છે. જે થોડું શિક્ષણ પામેલા છે તેમને બેકારી ભોગવવી પડે છે. તેઓ સરકારી લાભોથી પણ વંચિત રહેવા પામ્યા છે. કેટલાક અભણ છે. આમ તેમનામાંનો મોટો વર્ગ શિક્ષણથી વંચિત રહેવા પામેલો જોવા જાણવા મળ્યો હતો. તેમના વાલીઓનો જ મોટો વર્ગ અશિક્ષિત અને ગરીબીમાં સબડતો હોય ત્યાં બીજાઓના શિક્ષણની વાત કુટુંબમાં ક્યાંથી થઈ શકે.

આમ ગ્રામ્ય વિસ્તાર કરતાં અમદાવાદ જેવા શહેરી વિસ્તારની અસરને કારણે અહીંના વસવાટ કરેલા દુબળા (હળપતિ) કુટુંબોના બાળકો-માં સ્વાભાવિક રીતે શિક્ષણ વિશેષ જોવા મળે છે. પરંતુ તેમ છતાં તેમની અનેક સમસ્યાઓને કારણે તેઓ તેમના બાળકોના શિક્ષણ માટે પૂરતું ધ્યાન આપી શકતા નથી. જેમ કે બાલમંદિરમાં તેમના બાળકોને મોકલતા નથી (જતા નથી) કારણ કે તેઓ પોતે જ આર્થિક મુંઝવણોમાં હોવાથી, સતત મહેનત કરતા હોવાથી તેમને મોકલી શકતા નથી. ઉપરાંત તેમની આળસને કારણે પણ તેઓ ધ્યાન આપતા નથી. તેમના કેટલાક બાળકો આ આળસને કારણે દાખલો આદિવાસીનો ન આપી શકવાથી 'પાંડે' જેવી અટકો ભૂલથી દર્શાવવાથી સરકારી લાભોથી વંચિત રહેવાના દાખલા બનેલા જાણવા મળે છે. કેટલાક બાળકો વહેલા ઉઠી જવાથી પણ આવા લાભોથી વંચિત રહેલા જાણવા મળ્યા હતા. તેમનામાં આગળ જોયું તેમ અપવ્યય અને સ્થગિતતાનું પ્રમાણ આને કારણે જોવા મળે છે. તેમનામાં અપવ્યયનું પ્રમાણ વધારે જાણવા મળ્યું હતું. તેમનામાંના મોટાભાગના મા-બાપો પોતાની આર્થિક સ્થિતિને કારણે બાળકોને ભણવામાં રસ ધરાવતા નહોતા. તેઓ તેમને જે કંઈ આર્થિક ઉપાર્જન થાય તેમાં જોડી દેવા આતુર જણાયા હતા.

તપાસના કુટુંબોમાંથી પ્રૌઢ શિક્ષણમાં કોઈ જ ગયું નહોતું. તેમાંય તેમને સમયના અભાવે તેમાં રસ નથી એમ પણ જણાવ્યું હતું. તેઓમાં છોકરીઓને ઘરકામમાં જલ્દી જોડી દેવાની હોવાથી અને છોકરાઓને થોડું ભણ્યા પછી બેકાર રહેવાની બીકે અધવચ્ચેથી શિક્ષણ છોડી મૂકતા જાણવા મળ્યા હતા. ટૂંકમાં તેમની આર્થિક પરિસ્થિતિને કારણે તેઓ સારામાં સારા વિસ્તારોમાં વસતા હોવા છતાં શિક્ષણથી વંચિત રહી જતા જાણવા મળ્યા હતા.

આરોગ્ય :-

દૂબળા (હળપતિ)ઓ મહદઅંશે નોકરી, છૂટક મજૂરીના વ્યવસાયો કરતા જણાયા છે. તેમાંયે ઘણા બંગલાઓમાં રામા તરીકે (સ્ત્રીઓ) સહિત કામ કરતા જાણવા મળ્યા હતા. આ બંગલાઓમાં ઘરકામ મોટેભાગે સ્ત્રી-વર્ગ કરતો જાણવા મળ્યો હતો. જે સ્ત્રીઓ આવા બંગલાઓમાં ઘરકામ કરે છે જેમાં તેમને પૈસા ઉપરાંત દિવાળી ઉપર સાડી અને રોજબરોજ વધ્યું-ઘટયું ખાવાપીવાનું મળે છે. આવા ખાવા-પીવાના ઉપરાંત તેઓ જે મજૂરીમાંથી પૈસા મેળવે છે તેમાંથી સમગ્ર કુટુંબની ખાવાપીવાની વ્યવસ્થા ગોઠવતા જાણવા મળે છે. જેમાંથી તેમના કુટુંબને પૂરતા પ્રમાણમાં ખોરાક ન મળી રહેતાં શરીરને જરૂરી પોષક તત્વોનો અભાવ રહે છે જેને કારણે તેઓના શરીર ક્ષીણ થાય છે અને અનેક રોગોના ભોગ બનતા હોય છે.

આ ઉપરાંત ગંદકીવાળા વસવાટને કારણે દુર્ગંધ અને મચ્છરોનો ભારે ત્રાસ જોવા મળે છે. ઉપરાંત પાણીનો અભાવ રોજબરોજ સ્નાનાદિ ક્રિયાઓ નહીં કરવાની ટેવ (ન્હાવા ધોવાની સુવિધાના અભાવે) તેઓ અનેક રોગોના ભોગ બને છે. આ ઉપરાંત તેઓમાં બીડી-તમાકુ, દારૂ જેવા વ્યસનોને કારણે પણ અનેક રોગ નોતરતા જાણવા મળ્યા હતા.

તેમાંય આ લોકો આર્થિક સ્થિતિને કારણે સવારથી જ બાળકોને ઘરે એકલા મૂકીને પોતાને કામે ચાલી જાય છે. એટલે બાળકો ગમે ત્યાં ગંદકીમાં જ રમે છે. જેને કારણે ઓછી રોગ પ્રતિકારક શક્તિ-

વાળા બાળકો રોગના ભોગ જલ્દી બની જાય છે. ઉપરાંત તેઓ જયાંથી પાણી ભરે છે ત્યાં ચારે તરફ ખુલ્લી ગટરો, ક્ચરાના ઢગલા, પાણીની નીકો, મ્યુ. સંડાસ, મૂતરડી વગેરે હોય છે જેથી પાણી પણ બિન - આરોગ્યપ્રદ વાપરતા હોય છે.

સામાજિક સમસ્યાઓ :-

(૧) પોતાના વતનથી દૂર વસતા હોવાને કારણે પોતાના સમાજના ધબકતા જીવનથી વંચિત રહી જાય છે. સગા-સંબંધીઓ વચ્ચે અંતર સતત સંપર્ક નહીં હોવાને લીધે વધતું જાય છે.

(૨) સગા-સંબંધીઓના સામાજિક, ધાર્મિક પ્રસંગે વારંવાર હાજરી આપી શકાતી નથી.

(૩) પોતાના સામાજિક વાતાવરણથી દૂર શહેરી સંસ્કૃતિમાં જીવન જીવવાના કારણે પોતાના સમાજનું પ્રભુત્વ ઓછું થાય છે.

(૪) પોતાના દીકરા-દીકરીઓના સામાજિક સંબંધોમાં મુશ્કેલી અનુભવાય છે.

(૫) એક જ રૂમમાં કે નાના મકાનમાં રહેવાને કારણે માનસિક તનાવ અનુભવે છે.

(૬) અલગ અલગ ધંધા રોજગારમાં જોડાયેલ હોવાથી અને અમદાવાદમાં વસતાં દૂબળા કુટુંબો જુદા જુદા વિસ્તારમાં હોવાથી સામાજિક સંપર્ક પણ વધુ રાખી શકતા નથી.

(૭) શહેરમાં વસવાટને કારણે પોતાના ગામના કુટુંબો કે પોતાના સમાજના સભ્યો કરતાં પોતાનો સામાજિક દરજ્જો ઊંચો છે તેવી ગુરુગ્રંથીથી પીડાય છે.

(૮) પોતાની મૂળ સંસ્કૃતિ ભૂલવા માંડયા છે

આગળ ઉપર જોયું તેમ દૂબળા (હળપતિ)ઓ જ માત્ર બીજી આદિવાસી જાતિઓની વસવાટની ઢબે જુદા તરી આવે છે. તેઓ પહાડી જંગલ વિસ્તારને બદલે બિન આદિવાસી જાતિઓ સાથે ફળદ્રુપ સપાટ

વિસ્તારોમાં શરૂથી જ વસે છે. તેમ છતાં ૪૦ વર્ષની આઝાદીને અંતે પણ સેંકડો વર્ષોથી તેમનામાં જડાયેલી હાથી તરીકેની ગુલામીમાંથી તે મુક્ત થયા છે ખરા ? એની હાથી ગુલામી ગઈ પણ એ ગુલામી એનામાં શિક્ષણનો અભાવ, અજ્ઞાનતા અને અનહદ ગરીબાઈના કારણે પશુ જેવી જડતા મુકતી ગઈ. જે હજુ પણ ગ્રામ્ય વિસ્તારોમાં વસતા દુબળા (હળપતિ)ઓમાં જીવંત છે પરંતુ અહીંના શહેરી વિસ્તારોમાં જયાં શિક્ષણે અને શહેરીકરણે તેમનામાં નવી ચેતના ઊભી કરી છે, જેને કારણે તેમનામાં જે દૂબળા (હળપતિ)ઓ ખૂબ દેવાદારની સ્થિતિમાં હતા તેઓમાં હાલમાં જબ્બર પરિવર્તન આવ્યું છે. તેઓની રહેણીકરણી અને પોશાકમાં ભારે અસરો વર્તાય છે. શહેરમાં શિક્ષણને કારણે અને સ્થળાંતરી રોજગારીની વધુ તકોને કારણે ગ્રામ્ય વિસ્તારો કરતાં જુદી જ સંસ્કૃતિ, આર્થિક સ્થિતિ અને બીજી અનેક સમસ્યાઓમાં પણ તેઓ અનુકૂલન સાધીને વસવાટ કરે છે. સાથે સાથે બીજા નવા કુટુંબોને પણ શહેરોમાં લઈ આવે છે.

આગળ જોયું તેમ તેમની રહેઠાણની સમસ્યા અને અલ્પ પ્રાથમિક સુવિધાઓ વચ્ચે વસવાટ કરવો પડે છે. તેમને કાયમી રોજગારી મળતી નથી તેથી તેમનું શોષણ થાય છે. તેમને પાણીની ભારે તંગી વેઠવી પડે છે. ઉપરાંત ગંદા વસવાટને કારણે આરોગ્યની અનેકવિધ સમસ્યાઓથી પણ ઘેરાયેલા તેઓ જોવા મળે છે. ઉપરાંત શહેરી સમુદાયો વચ્ચે તેમને અનુકૂલનના પણ પ્રશ્નો સતાવે છે. તેમ છતાં પણ તેમનામાંના ઘણા કુટુંબો આજે આવી અગવડો વચ્ચે ગ્રામ્ય વિસ્તારો સાથેના સંબંધો (આર્થિક સામાજિક અને બીજા વાર-તહેવારના) જાળવી રાખીને ટકી રહેલા જોવા મળે છે. એટલે તેઓમાંના થોડા ખેતીવાડી ગામડે પોતાના નજીકના સગાઓ ધ્વારા કરવતા પણ જાણવા મળ્યા હતા. તેઓ તેમને આર્થિક મદદ ગામડે ઘણીવાર મોકલતા પણ જાણવા મળ્યા હતા. તેમ છતાં તેમના બાળકોના શૈક્ષણિક પાસા તરફ ધ્યાન આપીએ તો ગ્રામ્ય વિસ્તારો કરતાં કંઈક અંશે વધુ સાત શૈક્ષણિક લાયકાતો ધરાવતા હશે એમાં બેમત નથી.